
# આંગડીયા પેઢીમાંથી ૧૨.૫૦ લાખની લૂંટ

**નંબર** પ્લેટ વગરની કારમાં આવેલા બદમાશોએ કેબિનમાં ઘૂસી ટેબલ પરથી રૂપિયા ૧૪ લાખ આંચક્યા

**ભાગદોડ** દરમિયાન રૂપિયા 1.50 લાખ નીચે પડી ગયા

**પોલીસે** નાકાબંધી કરી આરોપીઓને ઝડપી પાડવાના પ્રયાસો શરૂ કર્યા



નિલેશ કાપડિયા

વાંસદાઃ વાંસદા પંથકમાં આવેલી એક આંગણીયા પેઢીમાં આંગડીયું કરાવવાના બહાને આવેલા બે શખ્સોએ ટેબલ પર મૂકેલા રૂપિયા 14 લાખ લઈને ફરાર થવાનો બનાવ સામે આવ્યો છે. જોકે ભાગદોડ દરમિયાન રૂપિયા 1.50 લાખ નીચે પડી જતા આરોપીઓ રૂપિયા 12.50 લાખ લઈને નંબર પ્લેટ વગરની કારમાં ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, વાંસદા પંથકમાં ગ્રામિણ બેંક પાસે આવેલી રમેશકુમાર અંબાલાલ આંગણીયા પેઢી ખાતે સોમવારે સાંજે નંબર પ્લેટ વગરની કારમાં બે શખ્સો આવ્યા હતા.

તેઓએ પેઢીમાં નોકરી કરતા પ્રવીણ જયંતિજી ચાલા (ઉં. 36, હાલ રહે. ચંદ્રલોક એપાર્ટમેન્ટ, સરદાર માર્કેટ રોડ, બીલીમોરા) ને જણાવ્યું હતું કે તેમને ધરમપુર રૂપિયા 5 લાખનું આંગડીયું કરાવવાનું છે અને રૂપિયા [illegible]ના હોવાનું કહી કેબિનમાં પ્રવેશ્યા હતા. આ દરમિયાન ટેબલ પર મૂકેલા રૂપિયા 14 લાખની રોકડ પર તક જોઈ બંને શખ્સોએ રોકડ લઈને દોડ મૂકી હતી. ભાગતી વખતે રૂપિયા 1.50 લાખ નીચે પડી ગયા હતા.

જ્યારે બાકીના રૂપિયા 12.50 લાખ લઈને તેઓ બહાર ચાલુ રાખેલી નંબર પ્લેટ વગરની કારમાં બેસી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં વાંસદા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે ઘટનાની માહિતી મેળવી સમગ્ર તાલુકામાં નાકાબંધી કરી આરોપીઓને ઝડપી પાડવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ઘટનાનો વિડીયો બાજુની બિલ્ડિંગ પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામ્યો છે.

આરોપીઓ પૈસા લઈ ભાગતા સ્પષ્ટ કેમેરામાં જોવા મળ્યા હતા. આ લખાય છે ત્યાં સુધી આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી.

## વાપી કેબીએસ કોલેજમાં બેચલર ઓફ મેડિકલ લેબોરેટરી સાયન્સ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ

વાપી : વાપીની કૌશિક હરિયા એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત કેશવજી સુમારીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ વાપી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે સંલગ્ન બેચલર ઓફ મેડિકલ લેબોરેટરી સાયન્સ 2026-27 માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેની અવધિ 4 વર્ષ (ઈન્ટર્નશીપ સહિત), પ્રવેશ ક્ષમતા 75 બેઠકો (સેલ્ફ ફાઈનાન્સ) અને આ માટે પાત્રતા ધો.10+2 (વિજ્ઞાન પ્રવાહ) બી-ગૃપ સાથે ઓછામાં ઓછા 50 ટકા ગુણ (એસસી, એસટી, એસઈબીસી માટે 45 ટકા ગુણ), અંગ્રેજી માધ્યમ, એસસી અને એસટી વિદ્યાર્થીઓ માટે સરકારની તમામ ઉપલબ્ધ શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) યોજનાઓનો લાભ ઉપલબ્ધ છે. આ માટે વધુ માહિતી કોલેજ પરથી મેળવવી.

# વાંસદામાંથી રૂપિયા 5.54 લાખનું અફીણ ઝડપાયું

**બે રાજસ્થાનીની** ધરપકડ, રૂ.18.68 લાખનો મુદ્દામાલ જપ્ત, સપ્લાયર વોન્ટેડ

વાંસદાઃ નવસારી SOG પોલીસે વાંસદા તાલુકાના હનુમાનબારી ગામે દરોડો પાડી રૂ.5.54 લાખ કિંમતનું 1.155 કિલોગ્રામ અફીણ, વેચાણના રૂ. 2.32 લાખ રોકડા મળી બે રાજસ્થાની યુવકની ધરપકડ કરી છે.

નવસારી SOGને બાતમી મળી હતી કે હનુમાનબારી ગામે ગ્રામ પંચાયત સામે શ્રીજી ફર્નિચરની બાજુમાં રહેતો મગલારામ જગમલારામ પોતાના ઘરે અફીણનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. પોલીસે સ્થળ પર દરોડો પાડતા મગલારામ પાસેથી 1.155 કિલોગ્રામ અફીણ મળી આવ્યું, જેની અંદાજિત કિંમત રૂ.5,54,550 થાય છે. ઉપરાંત અફીણના વેચાણમાંથી મળેલા રૂ.2,32,650 રોકડા પણ કબજે કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન અફીણ ખરીદવા આવેલા ગણેશારામ ભવરલાલ (હાલ ભારતી કોમ્પ્લેક્સ, શાકભાજી માર્કેટ પાસે, વાંસદા) પણ ઝડપાયો હતો. તેણે 50 ગ્રામ અફીણ રૂ.4,200માં ખરીદ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. તે પોતાની ગ્રાન્ડ વિટારા કાર (નં. GJ 21 CE 3233) લઈને આવ્યો હતો, જેને પણ પોલીસે જપ્ત કરી હતી. પોલીસે અફીણ, રોકડ, કાર, મોબાઇલ સહિત કુલ રૂ. 18,68,600નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અફીણનો જથ્થો દિનેશ ચુનીલાલ બિસ્નોઈ (રહે., ભેરૂડી, જિ.બાડમેર, રાજસ્થાન) ફોર્ચ્યુનર કારમાં લઈને મગલારામને પહોંચાડી ગયો હતો. SOG પોલીસે મગલારામ અને ગણેશારામની ધરપકડ કરી વાંસદા પોલીસ મથકે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાવી અફીણ સપ્લાય કરનારને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉમરગામમાં આદિવાસીઓની જમીનો હડપ કરવા મામલે આવેદનપત્ર

**ધારાસભ્ય** અનંત પટેલની આગેવાનીમાં બે અલગ-અલગ રજૂઆત

**બીલીયામાં** પેસા એક્ટનું ઉલ્લંઘન અને કરમબેલીની કંપનીમાં કર્મચારીઓ પર દબાણનો આક્ષેપ



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામમાં આદિવાસીઓની જમીનો હડપ કરવા અને કંપનીમાં કામદારોના શોષણ સામે મામલતદારને આવેદનપત્ર સોંપાયુ હતુ. વાંસદાના કોંગ્રેસી ધારાસભ્ય અનંત પટેલ અને કોંગ્રેસ આગેવાન કાર્યકરોની ઉપસ્થિતિમાં બે અલગ-અલગ આવેદનપત્રો આપવામાં આવ્યા હતા.

આવેદનપત્રમાં ઉમરગામ તાલુકામાં તથા બીલીયા ગામમાં પેસા કાયદાનું ઉલ્લંઘન કરી આદિવાસીઓની જમીનો પચાવી પાડવાનું થઈ રહેલા પ્રયાસો સામે આદિવાસી વારલી સમાજ સેવા સંસ્થાના નેતૃત્વમાં અપાયેલા આવેદનપત્રમાં બીલીયા ગ્રામસભાએ પ્રદૂષણ અટકાવવા નવી ફેક્ટરી કંપનીઓને કોઈપણ પરવાનગી એનઓસી ન આપવા ઠરાવેલું છે છતાં, 'લયુક્રો પ્લાસ્ટેસાયકલ પ્રાઈવેટ લિમિટેડ' કંપની દ્વારા કોઈ પણ મંજૂરી વિના બાંધકામ કરવામાં આવી રહ્યું છે. વધુમાં ઉમરગામ તાલુકામાં આદિવાસીઓની જમીન છીનવાની પણ કોશિશ થઈ રહી છે.

કરમબેલી સ્થિત 'BiC Cello (India) Pvt. Ltd.' કંપનીના કામદારોએ મેનેજમેન્ટ સામે આક્ષેપો કરતું આવેદનપત્ર આપ્યું છે. જેમાં કંપની દ્વારા કોઈ પણ લેખિત નોટિસ વગર કર્મચારીઓને જબરજસ્તી રાજીનામું આપવા અને દમણ સ્થિત કંપનીમાં જોડાવા દબાણ કરાઈ રહ્યું છે. વધુમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી પગાર વધારો કરાયો નથી, પે સ્લીપમાં કંપનીનું નામ બદલી દેવાયું છે. તેમણે આ બાબતે યોગ્ય તપાસ થાય તથા કામદારોના શોષણ સામે તપાસ કરી ન્યાય આપવાની માંગ છે.

# આંતરરાજ્ય સાયબર ઠગાઈ રેકેટના બે ઠગ દિલ્હીથી ઝડપાયા

**ઈન્શ્યોરન્સ** પોલિસીના નામે કચીગામની માતા-પુત્રી પાસેથી રૂ.૫.૩૯ લાખ પડાવ્યા

**દિલ્હી** પોલીસની બે-બે કાર્યવાહી છતાં ઠગાઈનું નેટવર્ક ચાલુ રાખનારને દમણ પોલીસે દબોચ્યો

દમણ : સંઘપ્રદેશ દમણ પોલીસની ટીમે આંતરરાજ્ય સાયબર ઠગાઈના સંગઠિત રેકેટનો પર્દાફાશ કરી દિલ્હીથી બે શાતિર આરોપીઓને ઝડપી પાડ્યા છે. ઇન્શ્યોરન્સ પોલિસી બંધ કરાવી જમા રકમ પરત અપાવવાના નામે દમણના કાચીગામની મહિલા અને તેની પુત્રી પાસેથી ઓનલાઈન રૂપિયા 5.39 લાખ પડાવી લીધા હતા.

દમણના કચીગામમાં રહેતી ફરિયાદી મહિલાએ ફરિયાદ કચીગામ પોલીસ મથકે દાખલ કરાવી હતી કે, અજાણ્યા મોબાઈલ નંબરો પરથી તેમને વારંવાર ફોન આવતા હતા અને ફોન કરનાર તેમને ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ કંપનીના અધિકારી તરીકે ઓળખ આપી પોલિસી બંધ કરાવવા અને જમા કરાવેલી રકમ પરત અપાવવાની લાલચ આપી ખોટી ઓનલાઈન પેમેન્ટ લિંક મોકલી મહિલા અને તેની પુત્રી પાસેથી અલગ-અલગ હપ્તામાં કુલ રૂપિયા 5.39 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતાં. જે બાદ રકમ મળતાં જ આરોપીઓએ મોબાઈલ ફોન બંધ કરી તમામ સંપર્ક તોડી નાખ્યો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ કચીગામ પોલીસ સ્ટેશનના એસ.એચ.ઓ અનિલકુમાર ટી.કે. ના માર્ગદર્શન હેઠળ વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસે દિલ્હીના રમેશ નગર વિસ્તારમાં દરોડો પાડી આરોપી નઝર અબ્બાસ (ઉં.40) અને હિમાંશુ કુમાર પાંડે (ઉં. 22) ને ઝડપી પાડ્યા હતાં. બંનેએ પૂછપરછ દરમિયાન ગુનામાં તેમની સંડોવણી હોવાનું સ્વીકાર્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, મુખ્ય આરોપી નઝર અબ્બાસ દિલ્હીમાં ગેરકાયદે કોલ સેન્ટર ચલાવી દેશભરના લોકોને ઇન્શ્યોરન્સના નામે છેતરતો હતો. અગાઉ ડિસેમ્બર-2025માં દિલ્હી પોલીસે તેના કોલ સેન્ટર પર દરોડો પાડી 32 કર્મચારીઓ સાથે કાર્યવાહી કરી હતી. ત્યારબાદ 5 જૂન, 2026ના રોજ ફરી એક વખત 20 કર્મચારીઓ સાથે તેની સામે કાર્યવાહી થઇ હોવા છતાં તેણે સ્થળ બદલી રમેશ નગરમાં ફરીથી ઠગાઈનું નેટવર્ક શરૂ કર્યું હતું. હાલ તો દમણ પોલીસે આ રેકેટના અન્ય સાગરિતો, બેંક ખાતાધારકો તેમજ દેશભરમાં ભોગ બનેલા અન્ય પીડિતોને શોધવા માટે તપાસનો વ્યાપ વિસ્તૃત કરવામાં આવ્યો છે.

# વાપીના ગીતાનગરમાં જુગાર રમતા 7 ઝડપાયા

**3 ટુ** વ્હીલર, 7 મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂપિયા 2.35 લાખનો મુદ્દામાલ કબજે લીધો

વાપી : વાપી ટાઉન પોલીસે ગીતાનગરમાં રેઈડ કરી જુગાર રમતા 7 ઈસમોને ઝડપી પાડ્યા હતાં. પોલીસે 2,35,260નો મુદ્દામાલ કબજે કરી જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

વાપી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન ગીતાનગર, મુન્નીબાબા આશ્રમની બાજુમાં ખુલ્લી જગ્યામાં રેઈડ કરી હતી. જેમાં જુગાર રમનારા 7 ઈસમો (1) આશિષ પટેલ (ઉં.31, રહે. ટાંકી ફળિયા, વાપી) (2) ચંદન સુભાષ ગુપ્તા (ઉં.39, રહે. ગીતાનગર, વાપી) (3) સન્ની સુરેશભાઈ પટેલ (ઉં.31, રહે. કુંભારવાડ, વાપી) (4) રવિ સંતોષ કનોજીયા (ઉં.26, રહે. સનસાઈન ટાવર, ટાંકી ફળીયા, વાપી) (5) મોનુ સત્યનારાયણ યાદવ (ઉં.23, રહે. ચીકુવાડી, નામધા) (6) મેહજુદ્દીન સલાહુદ્દીન ખાન (ઉં.28, રહે. ગીતાનગર, વાપી) અને (7) ઈરફાન વરીશઅલ્લી કુરેશી (ઉં.34, રહે. ગીતાનગર, વાપી) રંગેહાથ ઝડપાઈ ગયા હતાં. પોલીસે સ્થળ પરથી બે મોપેડ અને એક બાઈક કબજે લીધી હતી. પોલીસે અંગઝડતી કરતા રોકડા 8170, દાવના રૂપિયા 9090, મોબાઈલ ફોન 7 અને ટુ વ્હીલર મળી કુલ રૂપિયા 2,35,260નો મુદ્દામાલ કબજે કરી વાપી ટાઉન પોલીસ મથકમાં જુગારધારા કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## વાંસદાની સોસાયટી પાસે ઝાડ પર આરામ ફરમાવતા ત્રણ દીપડા



નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા શહેરના રહેણાંક વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોથી દીપડાનો વસવાટ જોવા મળી રહ્યો છે, જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. સોસાયટીથી માત્ર આશરે 50 ફૂટના અંતરે દીપડાઓની અવરજવર જોવા મળતા વન વિભાગ માટે આ સ્થિતિ પડકારરૂપ બની છે. તાજેતરમાં વાંસદા પંથકમાં આવેલા કૃષ્ણકુંજ વાટિકાના પાછળના ભાગે આવેલા વાડી વિસ્તારમાં એક ઝાડ પર ત્રણ દીપડા એકસાથે જોવા મળ્યા હતા. આ દૃશ્ય જોઈ સ્થાનિકોમાં ભારે ચકચાર મચી હતી. ત્યારબાદ બીજા દિવસે સવારે ફરી બે દીપડા સ્થાનિકોની નજરે ચડતા લોકોમાં ભય વધ્યો હતો.

# દિલ્હી-દમણની ફ્લાઈટ અમદાવાદ ડાયવર્ટ

**દમણમાં** પાયલટને વિઝિબિલિટી ન મળતા અમદાવાદ તરફ ફ્લાઈટને ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો



દમણ : દક્ષિણ ગુજરાત સહિત સંઘપ્રદેશ દમણ અને તેની આસપાસના વિસ્તારમાં મોડી રાતથી શરૂ થયેલા ભારે વરસાદ તથા ખરાબ હવામાનની અસર હવાઈ સેવાઓ પર પણ જોવા મળી હતી. દિલ્હીથી સવારે દમણ આવી રહેલી એલાયન્સ એરલાઈનની ફ્લાઈટને દમણ એરપોર્ટ પર ઉતારવાના બદલે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડાયવર્ટ કરી ઉતારવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, દમણ એરપોર્ટ નજીક પહોંચ્યા બાદ ખરાબ હવામાન અને જરૂરી વિઝિબિલિટી ન મળતાં ફ્લાઈટના પાયલટે દમણના આકાશમાં ત્રણથી ચાર ચક્કર લગાવી લેન્ડિંગ માટે અનુકૂળ સ્થિતિ સર્જાય તેની રાહ જોઈ હતી. જોકે, સતત પ્રતિકૂળ હવામાનને કારણે સુરક્ષિત લેન્ડિંગ શક્ય ન હોવાનું જણાતા પાયલટે દમણ એરપોર્ટ પર વિમાન ઉતારવાનો નિર્ણય મોકૂફ રાખી ફ્લાઈટને અમદાવાદ તરફ ડાયવર્ટ કરી હતી. સામાન્ય રીતે નજીકનું વિકલ્પ એરપોર્ટ સુરત હોવા છતાં, સુરત વિસ્તારમાં પણ ખરાબ હવામાન અને વિઝિબિલિટી સંબંધિત સમસ્યાઓને કારણે ફ્લાઈટને અમદાવાદના એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતારવામાં આવી હતી. ફ્લાઈટ અમદાવાદ પહોંચ્યા બાદ દમણ તથા આસપાસના મુસાફરોએ તેમના ગંતવ્ય સ્થળે પહોંચવા માટે અન્ય વિકલ્પોનો સહારો લેવો પડ્યો હતો.

### સુરતમાં વિઝિબિલિટી 800થી ઓછી હોવાથી અહીં પણ લેન્ડ ન કરાયું

સુરત : સોમવારે દિલ્હીથી દમણ આવી રહેલી એલાયન્સ એરની ફ્લાઇટ LLR811 (91811) દમણ એરપોર્ટ પર લેન્ડિંગ ન થઈ શકતાં અમદાવાદ એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. સુરતમાં વિઝિબિલિટી 800 થી ઓછી હતી એ માટે સુરત એરપોર્ટ પર પણ લેન્ડ ન કરવામાં આવ્યું. આ ફ્લાઇટ અમદાવાદથી સીધી દિલ્હી પરત ફરી હતી. દમણ એરપોર્ટ પર હાલમાં Instrument Landing System (ILS) ઉપલબ્ધ નથી. અહીં મુખ્યત્વે VOR/DME Instrument Approach દ્વારા વિમાન સંચાલન કરવામાં આવે છે. ILS જેવી પ્રિસિઝન લેન્ડિંગ સિસ્ટમના અભાવે પ્રતિકૂળ હવામાન, ઓછી દૃશ્યતા અથવા અન્ય ઓપરેશનલ પરિસ્થિતિઓમાં ફ્લાઇટ ડાયવર્ઝન જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. દમણ એરપોર્ટ પર Instrument Landing System (ILS) જેવી આધુનિક લેન્ડિંગ સુવિધા સ્થાપિત કરવી જરૂરી છે.

# કોટબામાંકાર-બાઈકવચ્ચે અકસ્માતમાં બેનાં મોત

**અકસ્માત** એટલો ભયાનક હતો કે ૧૯ વર્ષીય અને ૨૧ વર્ષીય બે યુવાનોએ જીવ ગુમાવ્યા

સાપુતારા : ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાને સુબીર સાથે જોડતા માર્ગ પર કોટબા ગામ નજીક કાર અને બાઈક વચ્ચે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યુ હતુ,જ્યારે અન્ય યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતુ.ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાને સુબીર સાથે જોડતા માર્ગ પર કોટબા ગામની હદમાંથી એક સ્વિફ્ટ કાર નંબર જીજે ૨૧ સીઈ ૯૮૦૮ આહવાથી સુબીર તરફ જઈ રહી હતી.તે દરમિયાન વિરુદ્ધ દિશામાંથી આવતી બાઈક નંબર જીજે-૩૦ -એફ- ૪૯૫૭ પર સવાર થઈને રોહિત સુરેશભાઈ પવાર (ઉ.વ ૧૯ રહે. માનમોડી તા. આહવા જિલ્લા ડાંગ) અને યોગેશ તુકારામભાઈ (ઉ.વ ૨૧ રહે. રહે. નીમબારપાડા તા. આહવા જિલ્લા ડાંગ) આહવા તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન કોટબા ગામની સીમ નજીક કાર અને બાઈક વચ્ચે સામસામે જોરદાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો.આ દુર્ઘટનામાં બાઈક ચલાવી રહેલા માનમોડી ગામના યુવક રોહિત પવારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું.જ્યારે બાઈક પર પાછળ સવાર યોગેશ તુકારામભાઈને નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે લોકો મદદ માટે દોડી આવી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યુ હતુ.


**નામ બદલ્યું છે.**

હું પટેલ હિનલ રઘુભાઈ ની દીકરી જે લગ્ન પછી પટેલ હિનલ નિહાર નામે ઓળખાવું છું. જેની સર્વે નોંધ લેવી.

લિ. પટેલ હિનલ નિહાર
સરનામું - 19/2 પ્લોટ નં 51, કુબેર સિદ્ધિ, ધરમપુર રોડ, અટક પારડી, વલસાડ - 396007


# કલવાડામાં એક જ દુકાનો બે વાર વેચી બિલ્ડરની છેતરપિંડી

**ખરીદદારોની** જાણ બહાર અન્યના નામે દસ્તાવેજ કરી બેંકમાંથી રૂ.૯૦ લાખની લોન ઉપાડી, ૧૬ દુકાનો સીલ

વલસાડ : વલસાડના ફણસવાડા ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક ભુલાભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમણે બિલ્ડર અવિકાસ શ્રીવાસ્તવ પાસેથી કુલ ૯ દુકાનો રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદી હતી. આ સિવાય ધર્મેશભાઈ પટેલે ૨ અને જિગ્નેશ પટેલે ૨ દુકાનો ખરીદી હતી. તમામ ખરીદદારોએ ચેક તથા બિલ્ડિંગ મટીરિયલની રકમ ચૂકવી દીધી હતી.

જોકે, આરોપી બિલ્ડર અવિકાસે આ ખરીદદારોની જાણ બહાર, બદઈરાદાથી આ જ દુકાનો સુરતના કિસનભાઈ ધરમશીભાઈ વઘાસીયાના નામે પણ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપી હતી. સુરતના કિસનભાઈએ આ જ દુકાનો પર HDFC બેંકમાંથી રૂ. ૯૦,૦૦,૦૦૦/- (નેવુ લાખ) ની લોન મેળવી લીધી હતી.

લોનની ભરપાઈ ન થતા વ્યાજ સાથે આ રકમ રૂ. ૧,૧૭,૪૦,૫૨૦/- થઈ ગઈ હતી. લોન ડિફોલ્ટ થવાને કારણે ગત તા. ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ HDFC બેંકના કર્મચારીઓ અને કોર્ટ કમિશનર દુકાનોનો કબજો લેવા આવ્યા ત્યારે આ કૌભાંડ બહાર આવ્યું હતું. હાલ બેંક દ્વારા કોમ્પ્લેક્સની તમામ ૧૬ દુકાનોને સીલ મારી દેવામાં આવી છે.

બિલ્ડર અવિકાસ શ્રીવાસ્તવે ફરિયાદી અને સાક્ષીઓ સાથે કુલ રૂ. ૧,૭૯,૯૯,૭૭૮/- નો ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ ૧૯ જુલાઈના રોજ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ચણવઇમાં બાળકોના રમવા બાબતની બોલાચાલીમાં બબાલ

**ચાર** શખ્સે સળિયા-લાકડા વડે હુમલો કરતા 3 ઘાયલ

વલસાડ : વલસાડ તાલુકાના ચણવઇ ગામના અટાર ફળિયામાં બાળકોના રમવા જેવી નજીવી બાબતમાં થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. ફળિયાના જ ચાર શખ્સોએ એકસંપ થઈને લોખંડના સળિયા અને લાકડા વડે હુમલો કરી ફરિયાદી સહિત ત્રણ લોકોને ઈજાઓ પહોંચાડી છે.

ગામમાં રહેતા અને બાલાજી વેફર કંપનીમાં સિનિયર એક્ઝિક્યુટિવ રાજેશ પટેલે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમનો ૧૭ વર્ષનો દીકરો નીલ અને ૧૪ વર્ષનો દીકરો મીર ગણપતિ ચોતરા પાસે બોલ રમતા હતા. તે દરમિયાન તેજશ ઉર્ફે ચીનો પટેલ ત્યાં આવ્યો અને ગાળો આપવા લાગ્યો હતો. રાજેશભાઈ રાત્રે આ અંગે પૂછવા જતાં તેજશે ઉશ્કેરાઈ સળિયો લઈને અને તેનો ભાઈ નરેશ પટેલ, રાજેશ મોહન પટેલ તથા રાકેશ પટેલ લાકડા લઈને ધસી આવી હુમલો કરતા બચાવવા પડેલા ધ્રુતીક પટેલ (ઉં. ૧૭) અને રાજેશભાઈના ભાઈ વિપુલભાઈ પણ ભોગ બન્યા હતા. આરોપીઓએ રાજેશભાઈ અને ધ્રુતીકના માથામાં સળિયા તેમજ લાકડાના ફટકા મારી લોહીલુહાણ કર્યા હતા, જ્યારે વિપુલભાઈને ગુપ્ત ભાગે ઈજા પહોંચાડી હતી.

બૂમાબૂમ થતાં લોકો દોડી આવતા આરોપીઓ ધમકી આપી ભાગી ગયા હતા. ઘાયલોને વલસાડની લોટસ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં રાજેશભાઈને ૮ અને ધ્રુતીકને ૪ ટાંકા આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વલસાડમાં લારી મુકવા બાબતે બે જૂથ વચ્ચે અથડામણ

**સોશિયલ** મીડિયામાં વિડીયો વાયરલ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ

વલસાડઃ વલસાડ એસ.ટી. બસ સ્ટેશનની સામે આવેલી ભોલેશાહ બાબાની દરગાહ પાસે ઈંડાની લારી મુકવા બાબતે બે જૂથો વચ્ચે હિંસક ઝપાઝપી થઈ છે. આ ઘટનામાં બંને પક્ષના લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા વલસાડ પોલીસે એફ.આઈ. આર. નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ પક્ષના અબ્રામા રોડ પર રહેતા રસુલમહમદ મકરાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ દરગાહ પાસે સઈદહુસેન ઉર્ફે છન્નુ સાથે લારી રાખવા બાબતે વાતચીત કરવા ગયા હતા. તે દરમિયાન સઈદહુસેન, તેમના બે પુત્રો અરસદ અને સુફીયાન તેમજ પત્ની શબનમ ઉશ્કેરાઈ તેમને મોટરસાયકલ પરથી નીચે પાડી દીધા હતા અને અરસદે લોખંડના તવા વડે માથામાં ફટકા મારતા ગંભીર ઈજાઓ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સામા પક્ષે દરગાહની અંદર રહેતા શબનમબેન ભુરીયાએ ફરિયાદ નોંધાવી છે કે, અલીભાઈ દરગાહ પાસે લારી મુકતા હોવાથી તેમણે પાલિકાની મંજૂરી લેવા જણાવ્યું હતું. આ દરમિયાન ત્યાં આવેલા રસુલમહમદે ગાળો આપી, બાઈકમાંથી ધારદાર દાતરડું કાઢી ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ શબનમબેનના દીકરાઓએ દાતરડું આંચકી લેતા રસુલમહમદે ઢીકમુક્કીનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાને પગલે સ્થાનિકોએ 'જનરક્ષક ૧૧૨' પોલીસ હેલ્પલાઈન પર ફોન કરતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.


**મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ**

જી.તા.નવસારીના મોજે-કસ્બાપાર માં આવેલ બ્લોક નં.-૫૫૦/૧/૧, ખાતા નં.-૭૭૭, ક્ષેત્રફળ ૦-૧૩-૦૦ (હે.આરે.ચો.મી.), આકાર-રૂા.૨.૪૫ પૈસા વાળી જુની શરતવાળી ખેતીલાયક જમીન જે વિમલકુમાર મગનભાઈ પટેલ ના સ્વતંત્ર નામે તમામ સરકારી રેવન્યુ રેકર્ડ દફતરે માલિક - કબજેદાર-ભોગવટેદાર તરીકે નોંધાયેલ તથા ચાલી આવેલ છે. સદર મિલકત માર્કેટેબલ કલીયર અને વેચવાપાત્ર હોવાનું જણાવેલ છે. જેથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે સદર મિલકત પર જો કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા કે પેઢી વિગેરેનો કોઈ પણ પ્રકારનો કહેવાતો માલિકી, કબજો, લાગભાગ, હકક-હિસ્સો, બોજો લોન, લીયન કે અલાખો વિગેરે ધરાવતા હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦(દસ) માં તે અંગેના તમામ લેખિત આધારભુત અસલ દસ્તાવેજી પુરાવાઓ સહિત નીચેના સરનામે રૂબરૂ રજુ કરવા. જો તેમ કરવામાં નહિ આવે તો મુદત વીત્યેથી સદરહુ મિલકતનું ટાઈટલ ક્લીયર અને વેચાવાપત્ર હોય તેમ માની સર્ટીફીકેટ આપવામાં આવશે અને વેચાણ લેનાર સદરહુ મિલકત રજી.વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરી બોનાફાઈડ પરચેઝર બનશે અને તેઓ સદર મિલકતના કાયદેસરનાં તમામ માલિકી-કબજા હકકો મેળવશે. જેથી મુદત વીત્યે કોઈનો કોઈપણ પ્રકારનો કેસ, અરજી, ફરિયાદ, દાવા-દુવી કે તર- તકરાર, વાંધા-વિરોધ ચાલશે નહી તે સ્પષ્ટ જાણવું જેની તમામ લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ : નવસારી તારીખ : ૧૮/૦૭/૨૦૨૬

વેચાણ આપનાર ની સુચના અને ફરમાઈશથી..... વિમલકુમાર મગનભાઈ પટેલ
રહેવાસી - નહેર ફળિયા, ઈટાળવા, નવસારી- ૩૯૬૪૪૫.

મજકુર અસીલની સુચના અને ફરમાઈશથી

મારી મારફત : દિનેશ ચંદ્રકાંત છોટાણી (એડવોકેટ)
ઓફિસ નં.-૧૦૧, સિંધુ શોપીંગ સેન્ટર, શંખેશ્વર કોમ્પલેક્ષ પાસે, કાલીયાવાડી પુલ, નવસારી, તા.જી. નવસારી - ૩૯૬૪૪૫.
મો.૮૧૪૧૬૦૭૫૭૦ | ૯૮૨૫૫૦૭૫૭૦